सत्यमेव जयते

**ફો.કે.નં.**

**–:: આંક– ૧ હેઠળ હુકમ ::–**

(૧) ફરીયાદીને સાંભળ્યા, પુરશીશ તથા કેસનું રેકર્ડ વંચાણે લીધું. આ કામે લોક અદાલતના સમન્સ/નોટીસ પક્ષકારોને કાઢતાં ફરીયાદી/ભોગ બનનાર અત્રેની કોર્ટ સમક્ષ હાજર છે. પરંતુ આરોપી હાજર થયેલા નથી. ફરીયાદી/ભોગ બનનાર હાલની પુરશીશથી જાહેર કરેલ છે કે, તેઓ આરોપી વિરુધ્ધનો ગુન્હો કંપાઉન્ડ(દરગુજર) કરે છે અને તેમને સદર કેસ આગળ ચલાવવો નથી.તેવી **પુરશીશ** આપેલ છે જે પુરશીશ તેઓને વાંચી, સંભળાવી, સમજાવતા સ્વેચ્છાએ કબુલ રાખેલ છે.

(૨) સદર કામમાં આરોપી / આરોપી ઓ હાજર રેહતા નથી અને ફરીયાદી હાજર થઈ સદર કામ આરોપી/આરોપીઓ સામે કંપાઉન્ડ કરવા માંગતા હોવાનું જાહેર કરેલ છે. આમ ,ઉપરોકત હકીકતે આ કોર્ટે એ નિર્ણય કરવાનો છે કે, આરોપી/આરોપીઓને કેસનો સમન્સ/ વોરંટ બજ્યો ન હોય તેમજ આરોપી /આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થયા ન હોય અને રજુ થયેલ પુરશીશમાં તેમની સહી ન હોય તો પણ કોર્ટ આરોપી /આરોપીઓ વિરુધ્ધનો ગુન્હો તેમની ગેરહાજરીમાં કંપાઉન્ડ કરી શકે કે કેમ ? આ કોર્ટના ધ્યાન ઉપર નીચે મુજબની ઓથોરીટીઓ આવેલ છે.

**૧. વાય. બી. બૈજુ વિ. સ્ટેટ ઓફ કેરાલા, ૨૦૦૮ ક્રિ.લો.જ.૯૨૮.**

**૨. બેસુદાસ અને બીજા વિ. સબઈન્સ્પેકટર ઓફ પોલીસ,કલ્લામેસરી અને બીજા ક્રિ.લો.જ.૧૨૯૦**

**૩. સદર ઓથોરીટીમાં નામ.કેરાલા હાઈકોર્ટે નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.**

**(એ) ક્રિ.પ્રો.કોડ કલમ ૩૨૦ મા કરેલ કંપોઝીશનની જોગવાઈ એકપક્ષીય ક્રિયા છે અને તે દ્વિપક્ષીય ક્રિયા નથી.**

**(બી)ક્રિ.પ્રો.કોડ કલમ–૩૨૦(૧) તથા ૩૨૦(૨) મુજબ કોમ્પોઝીશનની અરજી સદર કલમના કોઠાની કલમ નં.૩ માં વર્ણવેલ ભોગ બનનાર વ્યકિત માત્રની સહથી થઈ શકે.**

**(સી) કોમ્પોઝીશનની અરજી ફરીયાદ/ભોગ બનનાર તથા આરોપીનીસંયુકતસહી થી આપવા માટે કોર્ટ ફરજ પાડી શકે નહિ.**

**(ડી) ક્રિ.પ્રો.કોડ કલમ ૩૨૦ મુજબની કોમ્પોઝીનની અરજી ધ્યાને લેતાં કોર્ટ આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહિ.**

**(ઈ) ક્રિ.પ્રો.કોડ કલમ ૩૨૦ માં ગુન્હો કંપાઉન્ડ કરવાની ક્રિયા કોર્ટે ગુન્હાનું સંજ્ઞાન લે તે પહેલા ઈન્વેસ્ટીગેશનના સ્ટેજે પણ થઈ શકે.**

(૩) આમ, ઉપરોકત ઓથોરીટીમાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લીધા. સદર સિધ્ધાંત મુજબ ક્રિ.પ્રો.કોડ કલમ ૩૨૦ મુજબ ગુન્હા કંપાઉન્ડ (દરગુજર–માફ) કરવા માટે માફ કરવાની પુરશીશમાં આરોપીની સહી ફરજીયાત નથી. તેમજ આરોપી/આરોપીઓ ની આ કોર્ટ સમક્ષ હાજરી ફરજીયાત નથી. તેથી હાલની પુરશીશ સ્વીકારવાને પાત્ર છે. તેમજ ફરીયાદની હકીકત ધ્યાને લેતાં જો પુરશીશ ગ્રાહય રાખી કેસ ફેંસ કરવામાં આવે તો અન્ય કોઈ વ્યકિતના કોઈ

હીતને નુકશાન થતું હોય તેમ જણાતું નથી. વધુમાં આરોપી/આરોપીઓને હાજર રાખ્યા બાદ જ સમાધાન ગ્રાહ્ય રહેશે તે રીતે ફરજ પાડવામાં આવે તો કેસના પરીણામમાં કોઈ ફેર પડતો હોય તેમ જણાતું નથી અને ફરીયાદી/ભોગ બનનારે સ્વૈચ્છિક રીતે હાલની કંપાઉન્ડ માટેની અરજી આપેલ છે. તેથી આરોપી/આરોપીઓ હાજર નથી તે કારણસર તે નામંજુર કરવાથી અર્થહિત કાર્યવાહી થશે અને આવી કાર્યવાહી કર ભરતા લોકોના નાણાં વેડફવા બરાબર થશે તે માટે ઉપરોકત તમામ પાસા ધ્યાને લઈ ને પુરશીશ રેકર્ડ કરવામાં આવે છે અને ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુ ક મ ::–**

૧. આરોપી /આરોપીઓ ને ક્રિ. પ્રો. કોડની કલમ ૩૨૦(૧)(૨)(૮) અન્વયે તેમની સામે નોંધાયેલ ઈ.પી.કોડની કલમ ૩૭૯ ના ગુન્હાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદામાલ પાવતી થી કબજે કરેલ મુદામાલ અંગેનો અગાઉ નો હુકમ કાયમ રાખવામાં આવે છે. અને જો કોઈ હુકમ ન થયેલ હોય તો અરજદારની માંગણી થી યોગ્ય વેરીફીકેશન કરી અરજદારને પરત કરવું અને કોઈ માંગણીદાર ન હોય તો અપીલ સમયબાદ મુદદામાલ ના સ્વરૂપ ને ધ્યાને રાખી નીયમો મુજબ યોગ્ય નીકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીના જામીન ખત અપીલ સમય વિત્યેથી રદ ગણવા.

હુકમ આજ તારીખ: ૨૨ મી,માહે: જૂન, સને :૨૦૨૪ નાં રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**Date : 22/ 06/2024**
**Place : SURAT**

**(JAYSHRIBEN SHANTILAL JADAV)**
**JUDGE CODE NO.1424**
**JUDICIAL MAGISTRATE FRIST CLASS,SECOND COURT,SURAT.**